

## મોડાસા પોલીસ જીપને ટ્રાફિક નિયમન હેઠળ કોણ દંડ કરશે? આમ આદમી વિચારોમાં

કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી પોલીસના શીરે છે. અરવલ્લી જિલ્લામાં ટ્રાફિક સપ્તાહની ઉજવણીમાં જિલ્લા પોલીસતંત્ર દ્વારા વાહનચાલકોને ગુલાબના ફૂલ અને પેમ્ફલેટ વહેંચીને ટ્રાફિક અંગે જાગૃતતા કેળવવામાં આવી છે ત્યારે પોલીસ તંત્ર જ ટ્રાફિકના નિયમોની ઐસીતૈસી કરતી હોય તેમ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના ટ્રાફિકથી ભરચક અને મોડાસા શાળાની સામે રોડ વચ્ચોવચ પોલીસજીપ પાર્ક કરી જીપ ડ્રાયવર (પોલીસકર્મી) કામકાજ અર્થે જતા અહીંથી પસાર થતા વાહનચાલકો ટ્રાફિક સર્જાતા અટવાઈ પડ્યા હતા. પરંતુ પોલીસતંત્ર કે જીપ ડ્રાયવર સામે આમ આદમી લાચાર જણાતો હતો. મોડાસા શહેરમાં સામાન્ય કામકાજ અર્થે આવતા વાહનચાલકોને ટ્રાફિક નિયમનો ભંગ હેઠળ રોડ પર મુકીને જતા વાહનચાલકોને દંડ ફટકારવાની સાથે શૂરવીરતા દાખવતા હોય તેમ કેટલીયવાર વાહનોની હવા કાઢી નાખતા હોય છે. ત્યારે આ પોલીસજીપને કોણ દંડ ફટકારશે અને કોણ દંડ વસૂલશે તેવુ નગરજનો ચર્ચા કરતા હતા. મોડાસા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણ ભાંગી પડી છે અને ઠેર ઠેર ટ્રાફિકના દશ્યો જોવા મળે છે.

# પ્રાંતિજમાં ૧૦ના સિક્કા સ્વીકારવા કોઈ તૈયાર નથી

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં એક અઠવાડિયાથી રૂ.૧૦નો સિક્કો બજારમાં નાનાથી લઈને મોટા વેપારીઓ સ્વીકારવાનો ઈન્કાર કરતાં હાલ જેની પાસે રૂ.૧૦ના સિકકાઓ પડ્યા છે તેવા લોકો વેપારીઓ મોટી દુવિધામાં મુકાયા છે.

પ્રાંતિજ બજારમાં અચાનક રૂ.૧૦ ના સિક્કાઓનું ચલણ બંધ થઈ જવાની અફવાઓ જોર પકડતાં જેમની પાસે રૂ.૧૦ના સિક્કાઓ છે તેવો લોકો મોટી દુવિધાઓમાં મુકાઈ ગયા છે અને જેની પાસે સિકકાઓ પડયા છે તે કોઈ બિઝનેશમેનો નહી પણ વેપારીઓ છે અને તેવો પાનબીડી કે શાકભાજી, ચાની લારી વાળા, રીક્ષાવાળા નાના-મોટાં વેપારીઓ





છે. ત્યારે પ્રાંતિજ બજારમાં કેટલાક વેપારીઓ તથા બેંકોવાળા રૂ.૧૦ના સિક્કા લેવાની ના પાડતાં જેમની પાસે રૂ.૧૦ના સિક્કા છે તેવાં વેપારીઓ લોકો આ હાલ તો મુંઝવણમાં મુકાઈ ગયા છે અને રૂ.૧૦ના સિકકા વાપરવા કયાં તેની તરકીબો અજમાવી રહ્યાં છે. ત્યારે પ્રાંતિજમાં આવેલ કેટલીય બેંકોએ પણ રૂ.૧૦ રૂપિયાના સિકકા લેવાની ના પાડતાં પ્રાંતિજ બજારમાં ૧૦ ના સિકકા લેવાં કોઈ તૈયાર જ નથી ત્યારે બેંકો કે બજારમાં વેપારીઓ ગ્રાહકો ૧૦નો સિક્કો સ્વીકારવાનો ઈન્કાર કરે તો રાજદ્રોહી નો કેશ કે જેલ ની સજા પણ થઈ શકે છે ત્યારે આ અંગે સ્ટેટબેંક, દેનાબેંક, એચડીએફસી બેંક નો સંપર્ક કરતાં તેવોએ પણ કાંઈ પણ બોલવાનું ના પાડી દીધું હતું ત્યારે કેનેડા બેંકમાં તપાસ કરતાં ત્યાં રૂ.૧૦ના સિકકા લેવામાં આવતાં હતાં અને અમે બેંક કર્મચારી જીતેન્દ્રભાઈ એ જણાવ્યું હતું કે અમે રૂ.૧૦ ના સિકકાઓ લઈ એ છીએ ત્યારે કેટલાક વેપારીઓ અને બેંકો વાળા સિક્કા લેવાની ના પાડે છે તો હવે તંત્ર દ્વારા શું કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે જોવાનું રહ્યું...?

## પાલનપુર કોલેજમાં સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

પાલનપુર, તા. ૨૧

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુર દ્વારા પાલનપુર મુકામે જી.ડી. મોદી એમ.એ. પરીખ આર્ટસ કોલેજમાં છ દિવસનો યુવક તાલીમ વર્ગ યોજાયો હતો.

આ વર્ગની પુર્ણાહુતિ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના માનદ મંત્રી નરસંગભાઈ વી. પટેલ (મેરવાડા) ઉદ્‌બોધન કરતા જણાવેલ કે સહકારી પ્રવૃતિ ભારતની સહકારી પ્રવૃત્તિ આર્થિક રીતે દબાયેલા અને પછાત લોકો તેમજ છેવાડાના ગામડા સુધી સામાજીક આર્થિક વિકાસ કામ કરીને સહકારી પ્રવૃત્તિથી નાનામાં નાનો માણસ પણ પગભર થઈ શકે છે. તેમને યુવા ધનને પ્રોત્સાહિત કરી સહકારી સંસ્થાઓમાં જોડાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર કે.જી. ચૌધરીએ જણાવેલ કે આપણા રાજ્યમાં દૂધના વ્યવસાય થકી લાખો કુટુંબો રોજગારી મેળવે છે. તેમજ સ્વ. ડૉ. કુરીયન તેમજ સરદાર વલ્લભભાઈ પટેલ, ત્રિભોવનકાકાની યાદ અપાવી તેમણે સહકારી પ્રવૃત્તિના પ્રેરણાસ્ત્રોત હતા છેવાડાના ગામડા સુધી સહકાર પ્રવૃત્તિ ઉજાગર કરી જેના મીઠા ફળ આપણે મેળવી શક્યા છીએ. બનાસડેરી, બનાસ બેંક જિલ્લામાં આર્થિક અને સામાજિક વિકાસમાં અગ્રેસર ફાળો આપી રહેલ છે. જિલ્લા સંઘની સહકારી શિક્ષણ યોજના અંગે વિસ્તત માહિતી આપી હતી.

આ પ્રસંગે કોલેજના અધ્યાપકે સહકારી પ્રવૃત્તિની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. સંઘનો આભાર માન્યો હતો તેમજ કોલેજમાં તાલીમાર્થીઓ પોતાના અભિપ્રાય આપી આવા વર્ગ યોજવા રજૂઆત કરી હતી. સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ સંઘના મહિલા સી.ઈ.આઈ. ફાલ્ગુનીબેન પટેલે કરી હતી.





## મોડાસા જેસીઆઈ દ્વારા વધુ એક છોગુ ઉમેરાયું

જેસીઆઈ મોડાસા ખાતે વિવિધ પ્રવૃત્તિઓ અને તે દ્વારા સમાજ કલ્યાણના કામો માટે જાણીતી સંસ્થા છે. તાજેતરમાં જેસીઆઈના પ્રમુખ ડૉ. સંતોષ દેવકરને ૨૦૧૬નો બેસ્ટ પ્રેસિડન્ટનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ઝેડવીપી ધવલબાઈ સોનીએ આ માહિતી આપી હતી અને ઝોન વતી એવોર્ડ એનાયત કર્યો હતો. જેમાં જેસી જય અમીન, સેક્રેટરી અલ્પેશ પટેલ, ટ્રેનેજર રવિ શાહ, જેસી ભાવેશ જયસ્વાલ, જેસી દિનેશ શાહ (મામા), જેસી અનીશ કાવઠિયા, જેસી ભરતભાઈ સોની, ધર્મેન્દ્ર ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ભવિષ્યમાં કોલેજના યુવાનો માટે તેમજ જેસી બિજનેસ જોન માટે એક ટ્રેનિંગ પ્રોગ્રામનું નજીકના ભવિષ્યમાં આયોજન કરવાના છે. નેશનલ કક્ષાના ટ્રેનર ટ્રેનીંગ આપનાર હોવાનું જાણવા મળે છે. જેમાં સ્પીચ ક્રાફટ, ઈફેક્ટીવ પબ્લીક સ્પીકીંગ, ઈફેક્ટીવ રાઈટીંગ, ઈફસ્ટીન બોડી લેંગ્વેજ વગેરે વિષયોને આવરી લેવામાં આવશે. કાર્યક્રમની આભારવિધિ ઉપપ્રમુખ જય અમીને કરી હતી. સુરેન્દ્રભાઈ જે. શાહ, નવનીતભાઈ પરીખ, દિનેશભાઈ મહેતા, સુભાષભાઈ શાહ વગેરે સીનીયર જેસી મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી હતી. સલાહકાર નિલેશભાઈ જોશીનું માર્ગદર્શન મળ્યું હતું.

## સામલા અને દિયોદર ખાતે ૧૩.૩૧ કરોડના કામોનું ખાતમુહૂર્ત

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સામલા મુકામે



શ્રમ અને રોજગાર, દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ તથા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરના હસ્તે રૂ. ૬૭૨.૨૨ લાખના ખર્ચે નિર્માણ પામનાર ૨૬૫ એમ.એલ. ક્ષમતાના બેલેન્સીંગ સ્ટોરેજ તળાવ અને દિયોદર મુકામે રૂ. ૬૫૮.૮૫ લાખના ખર્ચે તૈયાર થનાર ૧૨ ગામની જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીએ કહ્યું કે સામલા ખાતે ૨૬૫ એમ.એલ. ક્ષમતાનું બેલેન્સીંગ સ્ટોરેજ તળાવ બનવાથી આ વિસ્તારમાં આવેલ નર્મદા મુખ્ય નહેરની જ્યારે મરામત કરવામાં આવે ત્યારે સામલા-વડાણા વિસ્તારના ગામોને પીવાના પાણીની કોઈ મુશ્કેલી પડશે નહી. તેમણે કહ્યું કે દિયોદર ખાતે ૧૨ ગામોની જૂથ પાણી પુરવઠા યોજનાથી આ વિસ્તારના સુરાણા, ગોદા, રૈયા, સણાદર, મેસરા અને ઓગડપુરા સહીતના વધુ ગામોને પીવાનું શુદ્ધ પાણી પુરતા પ્રમાણમાં નિયમિત મળશે.

પ્રારંભમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડના અધિક્ષક ઈજનેર બી.એચ. જોશીએ સ્વાગત પ્રવચન કરતાં યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે તા. પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, અગ્રણીઓ સર્વ પરાગભાઈ જોશી, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી, ગિરીરાજસિંહ વાઘેલા, ઈશ્વરભાઈ તરક, હરગોવનભાઈ ઠાકોર, જિલ્લા પંચાયતના સભ્ય અરજણજી ઠાકોર, જિલ્લા અને તા. પંચાયતના સભ્યો, સરપંચો, પ્રાન્ત અધિકારી કે.એસ. ગેલાત, કા. ઈજનેર પી.એમ. નાગર સહીત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના મજરા પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા ત્રણ રસ્તા પાસે વહેલી સવારે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં કાર ચાલકનું ઘટના સ્થળે મોત નિપજયું હતું અને કારમાં સવાર ચાર ને શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં.

પ્રાંતિજના મજરા ચોકડી પાસે રાજેસ્થાન બાજુથી આવતી કાર નંબર- આરજે૨૦ટીએ ૨૭૧૬ અને ચિલોડા સાઈડથી આવતી ટ્રક નંબર-જીજે૯ઝેડ ૧૭૩૧ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો જેમાં કાર ચાલક હસન અબ્દુલ ઉ.વર્ષ -૩૦ ને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા ઘટના સ્થળે કમકમાટીભર્યું





મોત નિપજ્યું હતું. જયારે કારમાં સવાર અન્ય ચાર ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમણે ૧૦૮ મારફતે પ્રાંતિજ આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતાં અને ત્યાંથી તેમણે વધુ સારવાર અર્થે હિંમતનગર- અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

ઈજાગ્રસ્તોના નામઃ - (૧) હુસેન કાદરભાઈ ઉ.વર્ષ- ૫૦ (૨) ફાતબાબાનુ સૈફી ઉ.વર્ષ- ૩૭ (૩) મુખદન સૈફી (૪) મોનેશ હુસેન તમામે તમામ રહે- કોટા -રાજસ્થાન.

## સરડાઈના કલાકારને પ્રયાગમાં લોકકલારત્ન સન્માન મળ્યુ

સરડોઈ, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામના લોકકલાકારને ઉત્તરપ્રદેશમાં પ્રયાગ કુંભનગરી અલ્હાબાદ અને ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આયોજિત ભારત લોકરંગ મહોત્સવમાં લોકકલા રત્ન સન્માન ૨૦૧૭થી નવાજતાં સમગ્ર કલાજગતમાં આનંદની લાગણી પ્રસરી રહેલ છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામના વતની અને જાણીતા લોકકલાકાર મોતીભાઈ ભગવાનભાઈ નાયકને ઉત્તર પ્રદેશમાં પ્રયાગ-કુંભનગરીમાં સ્વર્ગ રંગ મંડલ અલ્હાબાદ અને ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આયોજિત "ભારત લોકરંગ મહોત્સવ"માં લોકનાટ્ય ભવાઈમાં વિશિષ્ઠ પ્રદાન બદલ લોકકલા રત્ન ૨૦૧૭થી નવાજતાં સમગ્ર કલાજગતમાં આનંદની લાગણી પ્રસરી રહેલ છે. તા. ૧૬-૧૭ જાન્યુઆરીના રોજ ઉત્તર ભારત સાંસ્કૃતિક મંત્રાલય ભારત સરકારના રવિન્દ્ર કલા કેન્દ્રમાં યોજાયેલ આ મહોત્સવનું મુખ્ય અતિથિપદ પણ મોતીભાઈ નાયકે



શોભાવ્યું હતું. દેશની અનેક કલા સંસ્થાઓએ વિવિધ લોકકલાઓ પ્રદર્શિત કરી પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. સ્વર્ગ રંગ મંડલ અલ્હાબાદના નિર્દેષક અને કાર્યક્રમના મુખ્ય આયોજક અતુલ યદુવંશી તથા ઉત્તરપ્રદેશના સુપ્રસિદ્ધ કવિ-સાહિત્યકાર રલેષ ગૌતમે નાયકને પુષ્પગુચ્છ-શાલ અને સન્માનપત્ર અર્પણ કરી લોકકલા રત્ન એવોર્ડ ૨૦૧૭ અર્પણ કર્યો હતો.



અરવલ્લી જિલ્લામાં મોડાસાની મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત કોલેજ કેમ્પસમાં મહિલા કાનૂની શિબિર મંડળના ઉપપ્રમુખ સુભાષભાઈ શાહના પ્રમુખપદે યોજાતા તેનું ઉદ્‌ઘાટન પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ વી.બી. ગોહિલે દીપ પ્રગટાવીને કર્યું હતું. આ શિબિરમાં જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ પણ ઉપસ્થિત રહ્યાં હતા. ઉત્તર ગુજરાતની કોલેજોમાંથી ૯૦થી વધુ વિદ્યાર્થીનીઓએ શિબિરમાં ભાગ લીધો હતો. પ્રા. ડૉ. એમ.કે. પટેલ અને ડૉ. ઈલાબેન સગરે શિબિરનું સફળ સંચાલન કર્યું હતું.

## આધુનિકતા અને પૈસાની પાછળ દોટ મુકતા માતા-પિતા માટે લાલબત્તી સમાન ઘટના

### મોડાસામાં ધો. ૧૦માં અભ્યાસ કરતા સહાધ્યાયી વચ્ચે પ્રેમ પાંગરતા ઘર છોડ્યુ : વિદ્યાર્થીનીના પરિવારજનોએ ફરિયાદ નોંધાવતા પ્રેમપ્રકરણનો ઘટસ્ફોટ ત્રણ દિવસ પછી પોલીસનો પનો ટુંકો

મોડાસા, તા. ૨૧

આધુનિકતા અને પૈસાની પાછળ દોટ મુકતા અને તેમના બાળકોને પ્રેમ અને હુંફ ન મળતા તેમજ સ્માર્ટ યુગમાં તેમના બાળકો દુનિયાના અન્ય આધુનિક બાળકોથી પાછળ ન રહી જાય તેવા આધુનિક વિચારોમાં તેમના અભ્યાસ કરતા બાળકોને સ્માર્ટ ફોન લાવી આપી તેમનું બાળક આધુનિક બની ગયાના ખોટા વહેમમાં રાચી રહ્યા છે. મોડાસા શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા ધો. ૧૦ના વિદ્યાર્થી અને વિદ્યાર્થીની વચ્ચ અભ્યાસમાં રચ્યા પચ્યા રહેવાના બદલે બન્ને વચ્ચે પ્રેમના અંકુર ફૂટતા અને બન્નેને એકબીજા વગર દુનિયા અસહ્ય લાગતા ત્રણ દિવસ પહેલા બન્ને પરિવાર છોડી રફુચક્કર થઈ જતા વિદ્યાર્થીનીના પરિવારજનોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થી વિરૂદ્ધ અપહરણ અને પોક્સો હેઠળ ગુન્હો નોંધી બન્ને નાબાલિક કિશોર-કિશોરીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ટીમ બનાવી શોધખોળ ધરી હોવા છતાં ત્રણ દિવસનો સમય વિતવા છતા બન્ને પ્રેમી યુગલ પોલીસ પકડથી દૂર છે. મોડાસા શહેરમાં સમગ્ર કિસ્સો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

મોડાસા સીપીઆઈ એન.કે. રબારીએ પ્રેમીયુગલને ઝડપી પાડવા પ્રેમીયુગલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીના મિત્રવર્તુળ સહાધ્યાયી અને પરિવારજનો સાથે પૂછપરછ હાથ ધરી છે. પ્રેમીયુગલને મોડાસા સુધી સાથ આપી છોડવા જનાર તેના મિત્રની પૂછપરછ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ૧૫ વર્ષનો વિદ્યાર્થી અભ્યાસમાં તો ઠીક પણ પ્રેમમાં પારંગત અને દુનિયાદારીની આંખોમાં ધુળ નાંખવામાં આધુનિક બની ગયો હોય તેમ હજુ સુધી પોલીસ નેત્રને કે પછી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીના પરિવારજનોને આ બન્નેના કોઈ જ સગડ ન મળતા સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરી તેના ફોટા અને એક્ટીવા નંબર સાથે મેસેજ વાઈરલ કરી બન્નેને ઝડપી પાડવા અથાગ પ્રયત્નો હાથ ધર્યા હતા.

## ગણપત યુનિવર્સિટી ટેનિસ ક્લબ દ્વારા યોજાયો ત્રિ-દિવસીય પીટીઆર ટેનિસ વર્કશોપ

### ઈન્ટરનેશનલ કોચ ડૉ. લ્યૂઈ કેપ અને નેશનલ કોચ શ્રીમલ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને કોચિંગ અપાયું

ગણપત વિદ્યાનગર, તા. ૨૧

ગણપત યુનિવર્સિટી ટેનિસ ક્લબ અને પ્રોફેશનલ ટેનિસ રજિસ્ટ્રી, હિલ્ટન હેડ, યુએસએના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫, ૧૬ અને





૧૭ જાન્યુ, ૨૦૧૭ દરમિયાન યોજાઈ ગયેલા પીટીઆર ટેનિસ વર્કશોપ-કોચિંગ કેમ્પનું સમાપન થયું હતું. ગણપત યુનિવર્સિટીના ૧૭ જેટલા ટેનિસ પ્લેયર્સ-વિદ્યાર્થીઓ સહિત લગભગ ૨૧ જેટલા કુલ ટેનિસ ખેલાડીઓને આ કોચિંગ કેમ્પમાં તાલીમ આપવામાં આવી હતી.

હિલ્ટન હેડ, અમેરિકાની પ્રોફેશનલ ટેનિસ રજિસ્ટ્રી નામની વિશ્વખ્યાત ટેનિસ સંસ્થાના પીટીઆર ઈન્ટરનેશનલ ટેસ્ટર ડૉ. લ્યૂઈ કેપ અને ગુજરાતના સુપ્રતિષ્ઠિત કોચ શ્રીમલ ભટ્ટ દ્વારા આ કેમ્પમાં ટેનિસની આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલિમ આપવામાં આવી હતી.

ડૉ. લ્યૂઈ કેપ મૂળે નાસામાં ન્યક્લિયર સાયન્ટિસ્ટ તરીકે કામ કરતા હતા પરંતુ ટેનિસ તરફના એમના અસાધારણ પ્રેમને કારણે એમણે પછીથી સમગ્ર જીવન ટેનિસને સમર્પી દીધું અને આજે જીવનની ઉતરાવસ્થામાં પણ યુવાનોને ટેનિસના શ્રેષ્ઠ કક્ષાના પ્રોફેશનલ ટેનિસ સ્ટાર બનાવવાના કાર્યમાં પોતાની સમર્પિત સેવાઓ આપી રહ્યા છે.

એમના જ એક વિદ્યાર્થી અને નેશનલ લેવલના કોચ શ્રીમલ ભટ્ટ પણ એક સમર્પિત ટેનિસ ખેલાડી છે અને ગુજરાતના ખેલાડીઓને કોચિંગ આપવાનું મહામુલુ કાર્ય બજાવી રહ્યા છે.

ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, આસિ. ડિરેક્ટર (સ્પોર્ટસ) ચિરાગ પટેલ, ગણપત યુનિવર્સિટીના ટેનિસ કોચ અર્પણ ત્રિવેદી સહિત અનેક પ્રાધ્યાપકો અને ખલાડી વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા શિબિરના સમાપન સમારોહમાં ડૉ. લ્યૂઈ કેપે ટેનિસને એવી રમત તરીકે બિરદાવી હતી કે આ જીવનને આનંદથી ભરપુર બનાવતી જ નહીં, લાંબુ આયુષ્ય આપતી રમત છે.

આ અવસરે કોચ ઓફ ધી ઈયર તરીકે કોચ સુરેશ મૌર્યને, માસ્ટર ઓફ ટેનિસ પરફોર્મર તરીકે અને ટેસ્ટર ઓફ ધી ઈયર તરીકે શ્રીમલ ભટ્ટને એ વૌલન્ટિયર ઓફ ધી ઈયર તરીકે અર્પણ ત્રિવેદીને પીટીઆર પુરસ્કારો અપાયા હતા.

ડૉ. શર્માએ તમામ કોચનું અભિવાદન કર્યું હતું અને આયોજનને સફળ બનાવવામાં પોતાનું મૂલ્યવાન પ્રદાન કરનાર સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.